# Swarnim Gujarat Sports University, Gandhinagar

## -: અહેવાલ :-

તા. ૨૮/૦૫/૨૦૧૯

**કાર્યક્રમ: સ્પેશિયલ કન્ફાઇન્ડ સ્કુબા ડાઇવિંગ કોર્સ (સ્વિમિંગ પૂલ)**

**તારીખ : ૨૭ થી ૩૦ મે, ૨૦૧૯**

**સ્થળ : સરદાર પટેલ સ્ટેડિયમ સ્વિમિંગ પુલ, અમદાવાદ**

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગરના ડિપાર્ટમેન્ટ ઓફ એડવેન્ચર સ્પોર્ટ્સ એન્ડ યુથ અફેર્સ અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ એન્ડ એલાય્ડ સ્પોર્ટ્સ (મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ) દિરાંગ ના સંયુક્ત ઉપક્રમે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી સ્પેશિયલ કન્ફાઇન્ડ સ્કુબા ડાઇવિંગ કોર્સ (સ્વિમિંગ પૂલ)નું અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમ કાર્યક્રમમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ગુજરાતની અન્ય યુનિવર્સિટી/શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમજ ગુજરાત રાજ્યના યુવાનોને તા.૨૭/૫/૨૦૧૯થી તા. ૩૦/૦૫/૨૦૧૯ દરમ્યાન સ્કુબા ડાઈવીંગની બેઝીક તાલીમ આપવામાં આવશે. તેમજ બીજી બેચ તા. ૦૨/૦૬/૨૦૧૯થી શરુ કરવામાં આવશે. ૨૦૧૯ના મે-જૂન માસ દરમ્યાન એક બેચમાં ૧૨ અને કૂલ ૬ બેચમાં ૭૨ જેટલા વિદ્યાર્થીઓ અને યુવાનોને સ્કુબા ડાઈવીંગની બેઝીક તાલીમ આપવામાં આવશે.

સ્પેશિયલ કન્ફાઇન્ડ સ્કુબા ડાઇવિંગ કોર્સની પ્રથમ બેચમાં ઐદરી બી. દેવતા (એસ.જી.એસ.યુ.), ઊર્જા વી. શાહ (એસ.જી.એસ.યુ.), હરીશકુમાર જે. સાવલીયા (ગૂજરાત વિદ્યાપીઠ), જયદેવ દેસાઇ અને મન કે. કોટડીયા, ઉપરાંત અગાઉ યુનિવર્સિટી દ્વારા આયોજિત આર.એલ.એસ.એસ.નો લાઇફ-ગાર્ડ કોર્ષ સફળતાપૂર્વક કરનાર અને એ.એમ.સી.ના વિવિધ

સ્વિમિંગ પુલ ખાતે  કોચ / આસિસ્ટન્ટ કોચ તરીકે કાર્યરત મંથન. એચ. ઉપાધ્યાય, પર્મેશ એસ. બોડ્ગલ, પાર્થ બી. ખલાસ, ભરત ડી. રમાની, મન્સુરી સમીર, પહેવાન મોહંમદ. આસીફ, પ્રતિક એન. ચાવડા હાલ તાલીમ મેળવી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ સ્વિમિંગ પુલ ખાતેના ફરજ બજાવતા આસિસ્ટન્ટ કોચને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે તાલીમ આપવામાં આવી રહી છે.

ઉપરાંત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ એન્ડ એલાય્ડ સ્પોર્ટ્સ (મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ) દિરાંગના સંયુક્ત ઉપક્રમે સ્પેશિયલ પેરામોટરિંગ (વિન્ચ લોન્ચ) તાલીમ અંતર્ગત પ્રથમ કોર્ષનું આયોજન તા.૮/૬/૨૦૧૯થી ૧૭/૬/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવનાર છે.

ઉક્ત તાલીમ કાર્યક્રમનું આયોજન ડૉ. જતિન સોની, માનનીય વાઇસ ચાન્સેલરશ્રી અને શ્રી ડી. ડી. કાપડિયા, રજીસ્ટ્રારશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના સફળ માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ કરવામાં આવી રહ્યું છે.